3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૧૬

વર્ષ-૫ • અંક-૩૨૪ • સળંગ અંક - ૨૦૨૪ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org

સૂર્યોદય - ૦૬.૫૪.૨૪

સંવત - ૨૦૮૧

કારતક વદ-૧૨, બુધવાર

તા. ૨૭-૧૧-૨૦૨૪

સૂર્યાસ્ત - ૦૫.૫૮.૦૮



ભુજપુરના *અજય નેમચંદ ગાલા* (ઉં.વ.૫૫) તા. ૨૪-૧૧-૨૦૨૪ ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. માતુશ્રી નેણબાઈ ટોકરશીના પૌત્ર. જયા નેમચંદના પુત્ર. નીપા, કાર્તિકના ભાઈ. જીજ્ઞાના જેઠ. સાયલાના ધિલન જયંતીલાલ શેઠના સાળા. યશ, લબ્ધિના મોટા પપ્પા. અમી અમયના મામા. મોટી ખાખરના નિર્મળા નેમજી, બાડાના ઉર્મિલા ભુપેન્દ્રના ભત્રીજા. બિદડાના સોનબાઈ વેલજી પોલડીયાના દોહિત્ર. મંજુલા કાંતિલાલ, કાંડાગરાના ઈંદુ ઝવેરચંદ, સં.૫. કિરણપ્રભાશ્રીજી મ.સ.ના ભાણેજ. જાગૃતિ દેવેન, અર્ચના હિરેન, રચના મયુરના મામાઈ ભાઈ. જાગૃતિ મનીષ, પ્રીતિ દિવ્યાંગ, વેરાવળના શિલ્પા મનીષ શાહના ફુઈઆઈ ભાઈ. સ્વ. તુષાર, મીતા દર્પણ ના માસિયાઈ ભાઈ. શુભ, નેતલ, આરાધ્યા, નિશ્રા, મયનના મામાઈ કાકા. *ભાવયાત્રા : રાજસ્થાન હોલ, ૬૦ ફીટ રોડ, નવરંગ હોટલની બાજુમાં, ભાયંદર વેસ્ટ. ટા. બપોરના ૨ થી ૫.* નિવાસ : કાર્તિક નેમચંદ ગાલા, ૭૦૪, ન્યુ રિદ્ધી સિધ્ધી ટાવર, ૬૦ ફીટ રોડ, ભાયંદર (વેસ્ટ)- ૪૦૧૧૦૧. કાર્તિક : મો. ૯૩૨૨૦૦૮૦૭૩, જીજ્ઞા : મો. ૯૩૨૨૭૯૪૩૧૪.

4/1/1 -------- (1-1)

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુરંત સંપર્ક કરો ॥**
**મુલુંડ ક.વિ.ઓ. ચક્ષુબેન્ક-૯૩૨૦૪૫૫૭૭૭**

## શૈક્ષણિક

### જ્ઞાનનો સાગર એટલે સોનગઢ રત્નાશ્રમ

સોનગઢ રત્નાશ્રમ એ જ્ઞાનનો સાગર છે. શાળા એ ભણતરની નદી છે જે એકબીજાના પૂરક હોઈ બાળકોનાં જીવન ઘડનારા છે, અને આવા વિદ્યાર્થીઓનું સમૂહમાં જે જીવન ઘડાય તે ઘરમાં, કુટુંબમાં, ગામમાં, સમાજમાં અને દેશમાં સારી રીતે વિસ્તરી શકે. આ સંસ્થાનાં બાલ રત્નો આવતીકાલનું સુંદર ભવિષ્ય ઊભું કરી શકે છે. ગામ - બાડા નાં શ્રી મણીલાલ નાનજી વીરજી હરિઆ ના જન્મદિવસ નિમિત્તે હસ્તે ભાઈ અને બહેનો ના પરિવાર તરફથી સોનગઢ રત્નાશ્રમમાં હાલે ૫૨૦ વિદ્યાર્થીઓને રૂબરૂ નિહાળતા, આ જ્ઞાનની શાળામાં વિદ્યાફી રૂ ૨૫,૦૦૦/- નું અનુદાન આપેલ. સોનગઢ રત્નાશ્રમ પરિવાર દાતા પરિવારની અનુમોદના કરે છે તેમજ આપ પણ સોનગઢ રત્નાશ્રમ વિદ્યાદાતા યોજનામાં લાભ લઈ શકો છો. લિ.હાર્દિક બળવંતરાય મોરબીયા - ભૂ. વિ.મંડળ સભ્ય - રાપર - ૯૯૦૯૯૨૪૯૯૪.

4/1/1(34) -------- (A-16138)(1-2)

## સંસ્થાકીય મિટીંગ

### શ્રી મામલ માતાજી ભાવિક ટ્રસ્ટ, ખાખરિયો ફરિયો-બિદડા

શ્રી મામલ માતાજી બિદડા સ્થાને નમતા ૧૭ ગામના દરેક ભાવિકોને જણાવવાનું કે આ વર્ષે શ્રી મામલ માતાજી ભાવિક ટ્રસ્ટની સામાન્ય સભા તા. ૧/૧૨/૨૦૨૪ રવિવાર રોજ બપોરે ૩ થી ૫ દરમ્યાન શ્રી કરસન લધુ નિસર હોલ, પહેલે માળે, દાદર સ્થાને રાખવામાં આવેલ છે. સભાની કાર્યસૂચી નીચે મુજબ છે.

- (૧) ટ્રસ્ટ તરફથી ચાલતી બધી પ્રવૃત્તિઓ વિસ્તારમાં દરેક સાથે ચર્ચા
- (૨) ટ્રસ્ટનો ઓડીટ રીપોર્ટની રજુઆત.
- (૩) ટ્રસ્ટમાં થતી બધી પ્રવૃત્તિઓ માટે નવા યુવા કાર્યકર્તાની નિમણુંક.
- ઉપરોક્ત કાર્યસૂચિ માટે ૧૭ ગામના દરેક ઘરદીઠ એક જણને હાજર રહેવા શ્રી મામલ માતાજી ભાવિક ટ્રસ્ટ તરફથી વિનંતી-આમંત્રણ. સભા પછી ચા-કોફી નાસ્તાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. દરેકે સમયસર પહોંચી આવવા વિનંતી. લિ. શ્રી મામલ માતાજી ભાવિક ટ્રસ્ટ- બિદડા.

2/1/1(5) -------- (A-15980)(1-3)

### શ્રી કચ્છી જૈન મંડળ - ચેમ્બુર

- સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા, બુધવાર, તા. ૪ ડિસેમ્બર ૨૦૨૪, રાત્રે ૮ કલાકે શ્રી અચલગચ્છ જૈન સંઘ-ચેમ્બુરનાં વિવિધલક્ષી હોલમાં નીચેનાં કાર્યો માટે મળશે.
- ગત સામાન્ય સભાની મીનીટસનું વાંચન અને બહાલી. વર્ષ ૨૦૨૩-૨૪નાં ઓડીટ થયેલા હીસાબોની રજુઆત અને મંજુરી. વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઓડીટરની નિમણુંક અને મહેનતાણું નક્કી કરવું. પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય રજુઆત. કોરમનાં અભાવે મુલત્વી રાખેલ સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે. જેમાં થયેલ કાર્યવાહી કાયદેસર ગણાશે.
- તા.ક. વર્ષ ૨૦૨૩-૨૪ સુધીનાં ઓડીટ થયેલા હીસાબો મેમ્બર માટે કીરણભાઈ શાહ, મહાવીર ગ્રુપ, ૧ બીલ્ડીંગ નં. ૪, કંધારી કોલોની, રોડ નં. ૨, ચેમ્બુર (ઈ.) ઓફિસમાં તા. ૧-૧૨ તથા તા. ૨-૧૨ના સવારે ૧૦ થી ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રાખવામાં આવશે. જેમને આ અંગે કંઈ પ્રશ્ન હોય તો તા. ૩-૧૨ સુધી આ ઓફિસમાં લેખીતમાં અરજી આપવી. લિ. મંત્રીઓ.

4/1/1(15) -------- (A-16114)(1-4)

### શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ, કચ્છ-માંડવી (પ્રેરક : મુનીશ્રી શુભવિજયજી)

ગૌશાળા માટે : ૧૮૦૦/- જવેરબેન રાયશી ગાલાની પૂ.તિ. નિમિત્તે - મોટા આસંબીયા, ૨૦૧૧/- જેતબાઈ કેશવજી વોરા-નારણપુર, ૧૨૦૦/- પંકજભાઈ મોતીભાઈ ચૌધરી-બ્યારા, ૧૧૦૦/- દેવેન્દ્રગીરી પૂજારી માંડવી, ૧૦૦૧/- ચંદનબેન ત્રીભુવનદાસ શાહ-તેજાવાડા, ૧૦૦૦/- તારાબેન વાડીલાલ મહેતા પરિવાર-માંડવી, ૩૦૦૦/- હેમકુંવરબેન મેઘજીભાઈ સાવલા -જામનગર. દાતાઓનો આભાર. લિ. પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ ટે. 9004646044 / 7506808866 / 022-24111105 / 022-66153404.

2/1/1(8) -------- (A-15921)(1-5)

"૧૦૦% શુદ્ધ, તાજો"

URJA ayur

# ઉર્જા ચ્યવનપ્રાશ

સફળ ૯ વર્ષ

- ઉર્જા ચ્યવનપ્રાશ આયુર્વેદના ગ્રંથ ચરક સંહિતામાં લખેલી યોગ્ય વિધિપ્રમાણે બનાવેલું છે.
- આમાં તાજા આમળા સહિત ઉત્તમ ગુણવત્તાની શ્રેષ્ઠ ૪૦ આયુર્વેદિક જડીબુટીઓ છે.
- શીયાળામાં તાજા આમળા ઉપલબ્ધ હોય માત્ર ત્યારેજ ઉર્જા ચ્યવનપ્રાશનું ઉત્પાદન કરવામાં આવે છે.
- ઉર્જા ચ્યવનપ્રાશનું ઉત્પાદન, સાવલા પરિવાર દ્વારા સંચાલિત ઉર્જા આયુરના કારખાનામાં કરવામાં આવે છે, નાસિક સ્થિત કારખાનાને મહારાષ્ટ્ર એફ.ડી.એ. (FDA)ની સરકારી માન્યતા પ્રાપ્ત છે, જેમાં જી.એમ.પી. (G.M.P.) પદ્ધતિથી દવા નિર્મિતના કાયદાઓનું પાલન કરીને, સ્વચ્છતાથી, આધુનિક મશીનો દ્વારા ૧૦૦ થી વધારે આયુર્વેદિક દવાઓનું ઉત્પાદન ૯ વર્ષથી કરવામાં આવે છે.
- ઉર્જા ચ્યવનપ્રાશમાં કોઈપણ પ્રકારની ભેળસેળ નથી.
- શાસ્ત્ર પ્રમાણે ચ્યવનપ્રાશ વાપરવાનાં સૂચનો રોજ સવારમાં સ્નાન પછી ખાલી પેટે, ભૂખ લાગી હોય ત્યારે ૧-૨ મોટી ચમચી ઉર્જા ચ્યવનપ્રાશ લેવું. ચા / દુધ / નાસ્તો ૧ કલાક પછી જ કરવો.




(CLD-16160)

૩૦૦૦ કિલો વેંચાણની ઉજવણી

કુરિયર દ્વારા ઉપલબ્ધ

FREE HOME DELIVERY!!*

100% PURE

**૨૦૦ ગ્રામ ₹ ૩૦૦ | ૫૦૦ ગ્રામ ₹ ૬૫૦ | ૧ કિલો ₹ ૧૧૫૦**

અન્ય ઉત્પાદન : ઉર્જા ગો-કફ ચાટણ અને કાઢો : કફ-સર્દી માટે • શુદ્ધ ભૃંગરાજ તેલ-વાળ માટે ઉત્તમ
• ઉર્જા ડી-વિન લિક્વિડ : ડાયાબિટીસનાં રોગિઓ માટે સંજીવની • ઉર્જા ઇઝી ગોળીઓ-પેટ સાફ કરવા
• સ્વાદ શક્તિ : ૧૩ જળીબુટી યુક્ત તાકાત માટે પાવડર • આરામ ઓઈલ-દુખાવામાં અસરકારક તેલ

ઉત્પાદક ઉર્જા આયુર નાસિક | ઉદય સાવલા : 9892428187 • રીટા ઉ.સાવલા : 9969583535
આયુર્વેદિક વૈદ્ય -ડૉ. જય રીટા ઉદય સાવલા | ગામ : રામાણીયા હાલે : નાસિક
9004747420, 9820887729

Graphics & Images Are For Representation Purpose Only. Actual Pack May Vary. Company Has All Rights Reserved To Change Packaging Size And Rate At Any Point Of Time. *Conditions Apply.

### મલાડ કચ્છી જૈન ફાઉન્ડેશન
### Full Body Checkup

ઉપરોક્ત સંસ્થા દ્વારા સ્વસ્થ સમાજ સમૃધ્ધ સમાજ પ્રગતિશીલ સમાજના નેજા હેઠળ શ્રીમતી કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલના સાથ સહકાર 'ફૂલ બોડી ચેકઅપ' રાહત દરે કરી આપવામાં આવશે. પુરૂષોના માત્ર રૂા. ૭૮૦૦/- (સાત હજાર આઠસો રૂપિયા) (અત્યારે તેની કિંમત ૨૨૯૬૦ છે) સ્ત્રી માટે રૂા. ૮૮૨૪ (આઠ હજાર આઠસો ચોવીસ રૂપિયા) (અત્યારે તેની કિંમત ૨૫,૯૫૫ છે). સાથે સવારનો ચા-નાસ્તો તથા બપોરનું જમણ તદ્દન ફ્રી રહેશે. આપના રિપોર્ટ આવ્યા બાદ ડોક્ટરોનો ફ્રીમાં અભિપ્રાય લઈ શકશો. આ વ્યવસ્થાનો લાભ ભારત વર્ષના કોઈપણ વ્યક્તિ નાતજાતના ભેદભાવ વગર કોઈપણ સંપ્રદાય લઈ શકે છે. આપની એપોઈન્ટમેન્ટ માટે સંસ્થાના કાર્યાલયમાં સંપર્ક કરો. શ્રી હેમલ ગંગર -ટ્રસ્ટી (નાંગલપુર) : 7506215595, શ્રી નયન નિસર કમિટી મેમ્બર (વડાલા) : 9833922484 વધુ વિગત માટે મંત્રીઓ : દિપક વસનજી છેડા (ર. ગણેશ) : 9324442639, અમીત નવીન શાહ (બાડા) : 9869414836. જાહેરાતનાં સૌજન્ય દાતા : એક સદ્ગૃહસ્થ પરીવાર.

4/1/1(16) -------- (A-16112)(1-6)

### વિકલાંગ જીવન વિકાસ મંડળ
### આસરા ધામ - નાની ખાખર

૩૧૦૦૦/- લાલજી ખેતશી ગોગરી ચેરીટેબલ ટ્રસ્ટ મુલુંડ (ઈ.), ૨૦૦૦૦/- એક જીવદયા પ્રેમી તરફથી-મુંબઈ, ૧૧૦૦૦/- ગામ : મોખાનાં માતુશ્રી સોનબાઈ અને પિતાશ્રી ઠાકરશી કુંવરજી ગલીયાની પુણ્ય સ્મૃતિમાં સુપુત્રી મણી ઉર્ફે મીનાક્ષી મુલચંદ સાલીયા (ગામ:મોખા) તર્ફે, ૬૦૦૦/- હરખચંદ રણશી ગડા ગામ : નવાવાસ ૭૫ મો જન્મ દિવસ નિમિત્તે, ૫૦૦૦/- સ્વ. પિતાશ્રી ડાયાલાલ શંભુલાલ ગાલા લાકડીયા- બાંદ્રા (વે.), ૫૦૦૦/- માતુશ્રી લક્ષ્મીબેન કેશવજી વજપાર છેડા તથા કેશવજી વજપાર છેડ ગામ : કુંદરોડી-કુરલા હ. સુપુત્રો, ૫૦૦૦/- માતુશ્રી હેમકુંવરબેનની માસિક પુણ્યતિથિ નિમિત્તે હા. રીતેશ રામજી નેમજી ગામ : રતાડીયા- ઘાટકોપર (વે.) દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર. વીકલાંગો માટે અનુદાન આપતા રહેશો. સંસ્થાની મુલકાત જરૂર લેશો. દાન માટે સંપર્કઃ કચ્છ- ૯૮૨૫૬૨૫૪૧૯, મુંબઇ ખાતે સંપર્ક હરખચંદ મામણીયા-૯૩૨૨૫૧૨૬૧૯.

4/1/1(22) -------- (A-16128)(1-7)

## સંગોઈ નુખનાં કુળદેવી શ્રી સચ્ચા માતાજીની સ્થાનિકે સમાઘોઘા મધ્યે ૨૧મી પહેડી

અત્યંત હર્ષોલ્લોષ સાથે જણાવવાનું કે તા.૧૫-૧૧-૨૪ ૦ને કાર્તીક સુદ પૂનમના રોજ સ્થાનિકે કચ્છ સમાઘોઘા મધે પ્રાતઃવંદનીય કુળદેવી શ્રી સચ્ચામાતાજીની સ્થાનિકે ૨૧ મી પહેડી પૂ.ખેતરપાળ દાદા તથા પૂ.ગણેશજીના આશીર્વાદ થી અત્યંત સુંદર રીતે સંપન્ન થઈ. ૨૧ મી પહેડીના યજમાન દાતા બનવાનો લાભ ગામ કપાયા હાલે ઘાટકોપરના માતુશ્રી મોંઘીબેન કરમશી સંગોઈ પરિવાર હસ્તે શ્રીમતી અરુણાબેન મનસુખ સંગોઈ ને પ્રાપ્ત થયેલ. આવેલ અવસરને યાદગાર મહોત્સવ બનાવવા યજમાન પરિવારની મહેચ્છા બહુ સારી રીતે પૂર્ણ થઈ. તન-મન-ધનથી ભકિત ભાવમાં રંગાઈ સંપૂર્ણ પરિવાર ઓતપ્રોત થઈ ગયો. પહેડીના યાદગાર સંભારણા માટે સરસ મજાની ભેટ આપવામાં આવી. સમગ્ર પરિવારની અનુમોદના.

- જીવદયામાં ઉદાર દિલે ફાળો નોંધાવનાર દાતા પરિવારજનોની અનુમોદના.
- પહેડી બાદ ખૂબ બહોળી સંખ્યામાં જુહાર ઢોળવાની વિધી સંપન્ન થઈ.
- દર વર્ષની માફક આ વર્ષે પણ ૧૧ મહિનાની માસિક પુનમના ભાગ્યશાળી વિજેતાને અભિનંદન.
- દાતા પરિવાર તરફથી પૂ.માને અર્પણ કરાયેલ ચુંદડી (બાંધણી) ના ભાગ્યશાળી વિજેતા શ્રીમતી અલ્પાબેન કેતન સંઘવીને અભિનંદન.
- સમગ્ર આયોજનમાં સતત ખડે પગે હાજર રહી સમગ્ર આયોજન માં હિસ્સેદાર શ્રી જયંતિભાઈ મહારાજનો આભાર.
- પહેડીના આયોજન માટે મહાજનવાડી ઉપલ્બધ કરાવી આપનાર શ્રી સમાઘોઘા જૈન મહાજનનો આભાર.
- પહેડીના આગલા દિવસે સરસ મજાની ભકિત સંધ્યા કરાવનાર શ્રી કમલેશ ગોસ્વામીની પાર્ટીનો આભાર.
- સંપૂર્ણ શાસ્ત્રોક્ત રીતે વિધી વિધાન કરાવનાર શાસ્ત્રીજી ભાવેશ મહારાજનો ખૂબ ખૂબ આભાર.
- ભાવતા ભોજનીયા પીરસનાર દિનેશભાઈ બિદડાવાળાનો આભાર.
- આ સમગ્ર આયોજનમાં આપ સૌનો ખુબ જ સારો સાથ સહકાર મળેલ તેમ છતાંય કોઈ કારણ સર આપનું મનદુઃખ થયું હોય તો અંતઃકરણ પુર્વક મિચ્છામી દુક્કડમ.
- આવતા વર્ષે સ્થાનિકે ૨૨ મી પહેડીના દાતા માતુશ્રી દમયંતીબેન દેવજી જેઠા સંઘવી-કપાયા હસ્તે શ્રીમતી અલ્પાબેન કેતન સંઘવીને આગોતરા વધામણા તથા દાતા પરિવાર તરફથી સૌ ભાવિકો સહ નિયાણી ને પધારવા આમંત્રણ.
- મુંબઈ મધે પૂ. માની પહેડી તા.૨૬-૧-૨૦૨૫, નારાયણ ગુરુ સ્કુલ ચેંબુર મધે રાખેલ છે. સૌને પધારવા ભાવભર્યુ આમંત્રણ.
- પૂ માની સ્થાનિક અગામી ધ્વજા માગસર સુદ ૩ ને ૪-૧૨-૨૪ ના રાખવામાં આવેલ છે. સૌએ પધારવા વિનંતી. લિ.સ્થાનિક પહેડીમાં હાજર રહેલ સૌ ભાવિકોના જય માતાજી.

4/1/1(39) --------- (A-16159)(2-1)

## દેશ વિદેશ કુરિયર 24x7

Documents, Medicine, કુરિયર, ખાવાપીવાની અને અન્ય ચીજવસ્તુઓ તેમજ એક્સપોર્ટરો/ઈમ્પોર્ટરો માટે Sample / Freight Econamic Express Service થી મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો. Vacuum Packing Available. Free Pick Up Service. PAC N DELIVER. M. 8879991866. anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(4) --------- (B-16001)(2-2)

## શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ

226-232, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, જૈન દેરાસર, મુંબઈ- 400009. ફો. 23476133 / 23456464

### પ્રેરક દ્રષ્ટાંત-૨૪ (Motivational Story -24)

### ક્રાંતિવીર અમર શહીદ જૈન શ્રાવક અમરચંદ બાંઠીયાને શ્રદ્ધાંજલિ...

તારીખ હતી ૨૨/૬/૧૮૫૮

લાલા હુકમચંદ જૈનને ફાંસી આપ્યા પછીના પાંચ મહિને સ્વાતંત્ર્યસંગ્રામની બીજી ફાંસી આજના દિવસે અપાઈ રહી હતી.

સજા પામનાર હતા ક્રાંતિવીર અમરચંદ બાંઠીયા.

બિકાનેરના મૂળ વતની એવા આ જૈન શ્રાવક ગ્વાલિયરના રાજ ખજાનચી હતા. તેમના નામે અપરાધ નોંધાયેલો – રાણી લક્ષ્મીબાઈના સૈન્યને ૧૨ વર્ષ સુધી વેતન આપવાનો. અંગ્રેજોએ મૃત્યુદંડ ફરમાવ્યો. ભારતીયોની જીંદગીનું એમને મન કોડી જેટલું ય મૂલ્ય નહોતું.

આ નરવીરોને કહેવામાં આવતું કે માફી માંગો, માફી ન માંગો તેને મોત અવશ્ય મળી જતું. અમરચંદ બાંઠીયાને પણ આ ઓફર થયેલી. એ વીરપુત્ર ન ઝુક્યા.

અંગ્રેજો પાસે કોઈને ઝુકાવવાની અનેક રીતો હતી.

ફાંસીના દિવસે, જીવનની અંતિમ પળોમાં એક રાક્ષસી દ્રશ્ય સર્જાયું. અમરચંદજીની સામે એના દીકરાને લવાયો. કહેવામાં આવ્યું 'માફી માંગો, નહીં તો તમને ફાંસી અપાશે અને તમારા દિકરાને ઉંધા માથે તોપમાં નાખી તોપ ફોડાશે.' ભયાનક શરત હતી આ. ક્રૂરતાનું પિશાચી રૂપ હતું.

શરત સાંભળી, પર્વત જેવા બાંઠીયાજી થોડા ઢીલા પડ્યા. દિકરાએ આ જોયું અને પળવાર પણ થોભ્યા વિના એ બહાદુર જૈન બચ્ચાએ બુલંદ અવાજે ગર્જના કરી "पिताजी! अगर आपने माफी मांग, ली तो मैं कुत्ते का बच्चा वरना शेर का।" પોતાની ભયાનક દશા થવાની હોવા છતાં એ જુવાનિયાએ પિતાને પોરસ ચઢાવ્યું.

આ હાક સાંભળી અમરચંદ બાંઠીયા ફરીવાર મક્કમ બની ગયા. અંગ્રેજોની માફી ના જ માંગી. (નજર સામે સગા દિકરાનું માથું તોપના નાળચામાં નખાતું હોય એ દ્રશ્ય કલ્પી શકો છો? એનાથી આગળની કલ્પના નહીં કરી શકો, એનાથી આગળનું દ્રશ્ય નરક જેવું ભયાનક હોય!)

૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ પછીની આ બીજી ફાંસી હતી. આ બીજો નરબંકો પણ જૈન હતો.

લાલા હુકમચંદજી તથા અમરચંદ બાંઠીયાના વંશજો આજે પણ હયાત છે. ક્યારેક મોકો મળે તો એમને મળજો.

આ બે નરવીરોના પ્રેરક મહાપુરૂષ કોણ હતા? હવે એ વિચારીશું.

**સં. પ.પૂ. આ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

લિ. મંત્રીઓ

## (JYF) જૈન યુથ ફોરમ
## સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે નવા દાગીના ખરીદવા નહીં. (પરીગ્રહથી બચવા)

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઈન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(29) --------- (A-16133)(2-3)

## વજન ઉતારવાની દવા વિના મુલ્ય
## પરમ પુજ્ય મ. સાહેબ માટે

સમાજનાં ભાઈ-બહેનો તથા વડીલો માટે વજન ઉતારવાની દવા રાહત દરે. આ ત્રિવેદ ઉપચાર પદ્ધતિથી ૭ થી ૮ કિલો વજન મહીને ઉતારો મોનોપોઝ, હોર્મોન્સ, બેલેન્સ એસીડીટી માથાનો દુઃખાવો, અક્સીર દવા ઘરે બેઠા મંગાવો : 8097944184. નવરચના હેલ્થ ગ્રુપ.

4/1/1(9) --------- (B-16109)(2-4)

## 'કચ્છી સમાજના જાણીતા ગોર મારાજ'
## ! મધુકાંત પંડ્યા : ફરાદીવાલા !

ચાંદલા વિધિ-લગ્ન-માતાજીની પહેડી સહિત સામાજિક/ધાર્મિક પ્રસંગોએ શાસ્ત્રોક્ત પદ્ધતિથી-શુદ્ધોચાર સાથે વિધિ વિધાન કરાવનારા : મધુકાંત પંડ્યા (ફરાદીવાલા/મુલુંડ) મો. 9821024181. ફોન : 25603283.

4/1/1(11) --------- (N-16107)(2-5)

## ફક્ત રૂપીયા ૬૫૦ માં

કચ્છની દેશી ગાયનું હાથ વલોણાનું શુદ્ધ ઘી કાચી ઘાણીનાં શુદ્ધ ઓર્ગેનીક તેલ મળશે. આસામની ચાય મળશે. ભેંસનું ઘી મળશે. ગીર ગાયનું શુદ્ધ અને ૧૦૦% ઓર્ગેનિક ઘી મળશે. ફ્રી હોમ ડીલીવરી ઈન મુંબઈ. કો. કાશ્મીરા-9773984876.

4/1/1(33) --------- (B-16139)(2-6)

## ગોપાલની ચીક્કીઓ ડોંબીવલીમાં

- ભુજ ગોપાલની સીંગ, સીંગ તલ મિકસ, તલ, કાળા તલ, ક્રશ સીંગ, ખોબરાની ચીક્કીઓ,
- કોડાય શિવશક્તિ (ભાલાભાઈ)નું ફરસાણ.
- મોટી ખાખર અંજના ગૃહ ઉદ્યોગના સુપ્રસિદ્ધ દાણાવાળા તેમજ ઓછી સાકરવાળા પેંડા.
- પત્રી હીનાના ૧૫ થી ૧૬ પ્રકારના અથાણા (કચ્છના ભાવમાં જ મળશે.)
- સોનગઢ-પાલીતાણા ની પ્રસિદ્ધ હિરામોતી (ઓરીજનલ) હિંગ
- માંડવી મહેશની કચ્છી ગુટડો ચા તેમ જ ચંદુભાઈનો દાબેલી મસાલો
- ઉપરોકત તમામ વસ્તુઓ તેમજ હજી પણ ઘણી બધી ખાદ્ય વસ્તુઓ છાડવા માર્ટ (રક્ષ ગૃહ ઉદ્યોગ) - ડોંબીવલીમાં ઉપલબ્ધ છે.
- સરનામું : છાડવા માર્ટ, દ્રૌપદી નિવાસ, સંગીતા વાડી, નેહરૂકર રોડ, ટ્રાફિક ગાર્ડનની બાજુમા, ડોંબીવલી (પુર્વ).
- રાકેશ ધનજી છાડવા- ૯૮૬૭૨૫૫૩૩૧.
- સમય : ૧૦.૦૦ થી ૧૦.૩૦.

4/1/1(32) --------- (B-16140)(2-7)

# મહિલા સંસ્થા સમાચાર

## જે.જે.સી. લેડીઝ વિંગ સેન્ટ્રલ મુંબઈ
## તા. ૧૬ ડિસેમ્બર સોમવાર બપોરે ૩ વાગે

સંસ્થા આયોજે છે ૨૦૨૪ વર્ષનો ૧૩મો પ્રોગ્રામ શિવાજી મંદિર-દાદર, પ્લાઝા સિનેમાની સામે, નાટક જેમાં ગામનાં મંડળ કે એરીયા ગ્રુપને ગ્રુપ બુકીંગમાં પાસ મળી શકશે. ૨૭ વર્ષથી એકજુટ ચાલતી આ સંસ્થામાં જ્ઞાન સાથે ગમ્મતનાં નાટક, પીક્ચર, હાઉઝી, પીકનીક, ધાર્મિક તથા વિવિધ ગેમ શોનાં લગભગ ૧૦ થી ૧૨ પ્રોગ્રામ યોજાય છે. મેમ્બરશીપની કેટેગરી પ્રમાણેની સીટીંગ એરેન્જમેન્ટ થી બધી મેમ્બર બેનો ખુશ છે. વર્ષ ૨૦૨૫ની નવી મેમ્બરશીપ તા. ૧૬ ડિસે.ના પ્રોગ્રામમાં લેવામાં આવશે. વધુ વિગત સંપર્ક : મીનાબેન-9821055615, જસ્મીનબેન-9323415266.

4/1/1(35) --------- (A-16137)(2-8)

## કચ્છી મહીલા ફેડરેશન, નાલાસોપારામાં
## હાઉઝી, મેડીક્લેઈલમ સહાય અરજી ફોર્મ

મહિલા મેડીકલેઈમ પ્રીમીયમ ફંડના કાયમી દાતાશ્રીઓ.

- ૧) શ્રીમતી નવલબેન ઉર્ફે કસ્તુરબેન કલ્યાણજી નાગડા (વીઢ)
- (૨) શ્રીમતી શાંતાબેન દામજી શાહ તથા શ્રીમતી જયવંતીબેન જાદવજી શાહ એંકર પરિવાર (કુંદરોડી)
- ૩) શ્રીમતી પાનબાઈ વલ્લભજીભાઈ ગડા (માટુંગા-બાડા-વિકાસ ગ્રુપ)
- ૪) શ્રીમતી કંચનબેન નવીનચંદ્ર પોલડીયા (તલવાણા-અમદાવાદ-નવનીત)
- ના સહયોગથી ક.વિ.ઓ. સમાજના જે ગામના મહાજન, મંડળ, એરિયા દ્વારા મેડીકલેઈમ પ્રીમીયમ માટે સહાય નથી અપાતી તેવી જરૂરિયાતમંદ મહિલાઓને સહાય આપવામાં આવશે. સહાયના અરજી ફોર્મ ભરવાની તારીખો
- નાલાસોપારા (ઈ) : ૨૯ નવેમ્બર, બપોરે ૩ થી ૫, ક.વિ.ઓ. જૈન સ્થાનક કાર્યાલય, તુલીજ રોડ
- માટુંગા (સે.રે.): ૨ ડિસેમ્બર, સાંજે ૩ થી ૫ : સંસ્થાનું કાર્યાલય, C/o ભારતી નવીન ગંગર, પ્રભાસ્મૃતિ, ભાઉદાજી રોડ, નારાણજી શામજી વાડીની બાજુમાં.
- ફોર્મ સાથે જોડવાના ડોક્યુમેન્ટ (ઝેરોક્ષ કોપી- નીચે પ્રમાણેના નંબરો સાથે જોડવા) (૧) મેડીકલેઈમ પોલીસીની રકમ તથા પ્રીમીયમની રકમ દર્શાવેલ રસીદની ઝેરોક્ષ.
- (૨) મેડીકલેઈમ પ્રીમીયમ રકમ દર્શાવતી બેંક પાસબુક (જુન ૨૦૨૪ થી ઑક્ટોબર ૨૦૨૪) (૩) ભાડા બીલ (૪) આધાર કાર્ડ (૫) પેન કાર્ડ (૬) રેશનિંગ કાર્ડ (૭) છેલ્લા ૩ મહિનાના લાઈટ બિલ.
- નાલાસોપારા મધ્યે ૪.૩૦ કલાકે મેડીકલેઈમ ફોર્મ ભરાયા બાદ અવનવી હાઉઝી રમાડવામાં આવશે. ઈનામો તો ખરાજ ! લિ. મહિલા મેડિકલ ફંડ મુખ્ય કમિટી તથા કમિટી.

4/1/1(40) --------- (A-16161)(2-9)

## ! સોની કાનજી આણંદજી જ્વેલર્સ !
## 'રેપ્યુટેડ જવેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં'

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

- સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડ. એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(17) --------- (N-16111)(2-10)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# જીવદયા અનુદાન

**શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત**
**શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

- ૧૫૦૦૦/- બે સદ્ગૃહસ્થ તરફથી.
- ૧૧૦૦૦/- ગામ : બિદડાના ધીરેન વલ્લભજી શાહ તરફથી જીવદયા અનુદાન. માતાજીનાં જુહાર નિમિત્તે.
- ૧૧૦૦૦/- ગામ : કોડાયના ઝવેરબેન માવજી ગાલાના આત્મ શ્રેયાર્થે હસ્તે હર્ષાબેન કીરીટ માવજી ગાલા તરફથી જીવદયા અનુદાન.
- ૧૧૦૦૦/- ગામ : બિદડાના માતુશ્રી લધીબાઈ ગેલાભાઈ વણવીર છેડા હસ્તે શાશ્વત નેમજીભાઈ છેડા. ઉપરોક્ત બધા દાતાઓનો ખુબ ખુબ આભાર.
- CSR & 80 G Tax Benefit Available.
- સંપર્ક : શશીકાંત છેડા-૯૮૬૯૮૬૪૭૯૭, પ્રવિણ સાવલા-૯૮૬૯૯૯૨૩૫૬.

4/1/1(2) -------- (A-16119)(3-1)

**શ્રી અંજાર પાંજરાપોળ દાતાશ્રીઓનો આભાર માને છે**

૩૧૦૦૦/- લાલજી ખેતશી ગોગરી ચેરી. ટ્રસ્ટ-મુલુંડ (ઈ.), ૩૦૦૦૦/- શ્રી મુલુંડ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ-મુલુંડ (વે.), ૨૦૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ-વાલકેશ્વર, મું. ૬, ૧૦૦૦૦/- શ્રી ગોરેગામ સ્થાનકવાસી જૈન સંઘ-ગોરેગામ (વે.), ૫૪૦૦/- માતુશ્રી કેસરબેન નાગજી છેડા-લાયજા, ૫૦૦૦/- શ્રી ક.વિ.ઓ. જૈન સંઘ-અંબરનાથ, ૫૦૦૦/- શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ પાખાડી-માટુંગા, ૫૦૦૦/- સ્વ. પિતાશ્રી ડાયાલાલ શંભુલાલ વાલજી ગાલા ચોથી પુણ્યતિથિ નિમિત્તે ગામ : લાકડીયા-બાંદ્રા (વે.), ૫૦૦૦/- હરખચંદ રણશી ગડા ગામ : નવાવાસ ૭૫માં જન્મ દિવસ પુરા થયા એ ખુશાલીમાં. ૬૫૦ અબોલ જીવો વતી ખુબ ખુબ આશીર્વાદ. ફરીથી આવો સાથ સહકાર આપતા રહેજો. મુંબઈ સંપર્ક : હરખચંદ મામણીયા-૯૩૨૨૫૧૨૬૧૯. ૯૩૨૩૬૩૯૬૦૮.

4/1/1(24) -------- (A-16126)(3-2)

**શ્રી અંજાર પાંજરાપોળ દાતાશ્રીઓનો આભાર માને છે**

૫૦૦૦/- હસુમતી મગનલાલ રામજી દેઢીયા : ગામ ભોરારા-નવી મુંબઈ, ૫૦૦૦/- બાખુ પન્નાલાલ શ્રી ગોડીજી પાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટ મુંબઈ, ૫૦૦૦/- શ્રી ઋષભદેવજી મહારાજ જૈન ધર્મ ટેમ્પલ અને જ્ઞાતિ ટ્રસ્ટ ટેંબીનાકા થાણા (વે.), ૫૦૦૦/-શ્રી હરીયા ભાવિક મંડળ બાડા સમુહ પહેડી નિમિત્તે, ૨૫૦૦/- શ્રી જલારામ જયંતી ઉત્સવ નિમિત્તે અને સદ્ગુરૂ રણછોડદાસ મહારાજ જન્મ દિવસ જયંતિ ઉત્સવ નિમિત્તે હ. વિજયભાઈ ભટ્ટવાડી-ઘાટકોપર (વે.), ૨૫૦૦/- માતુશ્રી મણીબેન અને પિતાશ્રી જેઠાલાલ લખમશી વિસરીયા એમનાં સ્મરણાર્થે હા. ભાનુબેન ખીમજી મારૂ (નાના ભાડીયા-મલાડ) ૬૫૦ અબોલ જીવો વતી ખુબ ખુબ આશીર્વાદ. દાન માટે સંપર્ક કચ્છ : મહેશભાઈ દોશી (મો.) ૯૮૨૫૭૯૯૩૫૭, મુંબઈ સંપર્ક : હરખચંદ મામણીયા : મો. ૯૩૨૨૫૧૨૬૧૯.

4/1/1(23) -------- (A-16127)(3-3)

**!! પ્રોપર્ટી અંગેની જાહેરાતો !!**
**! અન્ય જાહેરાતો માટે - રમેશ મોતા !**

પ્રોપર્ટી લે-વેંચ-ભાડેથી તથા અન્ય ધંધાકીય તેમજ શુભેચ્છા અભિનંદન શ્રધ્ધાંજલિ વિ.ની નાની કે પા-અર્ધા-આખા પાનાની જાહેરાતો પત્રિકામાં (કે પ્રોપર્ટી વિ. અંગે પબ્લીક નોટિસો ન્યૂઝ પેપર્સમાં) આપવા સંપર્ક : 7303353874.

2/1/1(7) -------- (B-15930)(3-4)

**શ્રી ભુજપુર પાંગળાપોળ શ્રી ગણેશ મંદિરની ૧૫મી ધ્વજામાં આવેલ અનુદાન**

૩૦૦૦/- શ્રી મનસુખલાલ નરશી જીવરાજ દેઢીયા (ભુજપુર-માહીમ) હ. શ્રીમતી ભારતીબેન મનસુખલાલ દેઢીયા, ૨૫૦૦/- શ્રીમતી પુનમ નિર્મળાબેન લાલજી વિકમ (બાડા), ૨૫૦૦/- શ્રી દિપક બાબુલાલ સોની (ભુજપુર), ૨૧૦૦/- શ્રી હસમુખ ધનજી ચૌહાણ પરીવાર (ભુજપુર), ૨૧૦૦/- શ્રી અમીન ચરીવાલા (કેરા), ૨૦૦૦/- શ્રીમતી જીગ્ના રીતેશ જૈન (તુંબડી), ૨૦૦૦/- ડો. નીલમ પિયષુ ગડા (સામખીયારી), ૨૦૦૦/- શ્રીમતી કીંજલ વિશાલ ગાલા (ટોડા), ૨૦૦૦/- શ્રી સુશ્રાવક (ભુજપુર), ૧૫૦૦/- શ્રી ભગવતસિંહ ખેંગારસિંહ જાડેજા (સમાઘોઘા), ૧૫૦૦/- શ્રી રામ ભરોસે, ૧૫૦૦/- શ્રીમતી જ્યોતિ હરેશ મગનલાલ છાડવા (ભુજપુર), ૧૫૦૦/- શ્રી પ્રેમજી વેરશી લુંભા (દેઢીયા) (ભુજપુર) હ. શ્રી ચંદ્રકાંત મનોજ, ૧૩૦૦/- શ્રી રામ ભરોસે, ૧૧૦૦/- શ્રી સાધુભાઈ (ભુજપુર) લિ. ટ્રસ્ટી.

4/1/1(26) -------- (A-16124)(3-5)

**શ્રી ભુજપુર પાંગળાપોળ શ્રી ગણેશ મંદિરની ૧૫મી ધ્વજામાં આવેલ અનુદાન**

- ૭૦૦૦/- માતુશ્રી સાકરબેન શાંતીલાલ દેઢીયા (ભુજપુર) નુતન ગૃહના વાસ્તુ નિમિત્તે-કબુતરને ચણ તથા કુતરાને રોટલા ખાતે અનુદાન.
- ૭૦૦૦/- માતુશ્રી પુરબાઈ વાલજી પાસુ દેઢીયા, શ્રી શાંતીલાલ મુરગ કરમશી દેઢીયા (ભુજપુર), નુતન ગૃહના વાસ્તુ નિમિત્તે કબુતરને ચણ તથા કુતરાને રોટલા ખાતે અનુદાન.
- ૫૫૫૫/- શ્રીમતી ભાવના મનોજ દેઢીયા (ભુજપુર)
- ૫૫૫૫/- શ્રીમતી આરતી હરેશ દેઢીયા (ભુજપુર)
- ૫૧૦૦/- શ્રીમતી પનાબેન વશનજી સૈયા (ગેલડા) માતાજીના જુવાર નિમિત્તે.
- ૫૧૦૦/- શ્રી હરેશ ગઢવી (ભુજપુર)
- ૫૧૦૦/- શ્રી ભરત ઈશ્વરલાલ રાજગોર (ભુજપુર)
- ૫૦૦૦/- શ્રીમતી અંકિતા માનસી કીરીટ ગડા (ભુજપુર)
- ૫૦૦૦/- માતુશ્રી કુંવરબાઈ રવજી ઉર્ફે મીઠુ શ્રીપાળ (ભુજપુર)
- ૫૦૦૦/- શ્રી મહેશકુમાર આર. મોદી (મુંદ્રા)
- ૫૦૦૦/- ચિ. ઈવાન ડીંપલ પ્રિયંક વીરા (ફરાદી). લિ. ટ્રસ્ટી.

4/1/1(25) -------- (A-16125)(3-6)

**શ્રી ભુજપુર પાંગળાપોળ શ્રી ગણેશ મંદિરની ૧૫મી ધ્વજામાં આવેલ અનુદાન**

૧૧૦૦/- શ્રીમતી ભારતી મહેન્દ્ર શેઠીયા (ભુજપુર), ૧૧૦૦/- શ્રી પરેશ પોપટલાલ ભેદા (ભુજપુર), ૧૧૦૦/- (શ્રીમતી અલ્પા અનીલ વીરા (નિયાણી) (બિદડા-મીરા રોડ), ૧૧૦૦/- શ્રીમતી ભારતી કોરશી નરશી દેઢીયા (મુલુંડ), ૧૦૦૧/- ચિ. પ્રીશા-વૃષ્ટી સચીન હરખચંદ દેઢીયા (કાંડાગરા), ૧૦૦૧/- શ્રીમતી તેજબાઈ માણેકલાલ દેઢીયા (ભુજપુર), ૧૦૦૧/- શ્રી ગુંજન સાગર દેઢીયા (ભુજપુર), ૧૦૦૦/- શ્રી આશારીયા રણશી જોશી (ઝરપરા), ૧૦૦૦/- શ્રીમતી દિવ્યા લક્ષ્મીચંદ દેઢીયા (ભુજપુર), ૧૦૦૦/- શ્રી દેવરાજ હધુભાઈ (ભુજપુર), ૧૦૦૦/- શ્રી મહેશ રવિલાલ ગાલા, ૧૦૦૦/- શ્રી મનસુખલાલ હીરજી દેઢીયા (ભુજપુર), ૧૦૦૦/- શ્રી દિપેશ દેવચંદ દેઢીયા (મોટી ખાખર), ૧૦૦૦/- શ્રીમતી પાનબાઈ રવજી સંગોઈ (ભુજપુર). લિ. ટ્રસ્ટી.

4/1/1(19) -------- (A-16123)(3-7)

**શ્રી ભુજપુર પાંગળાપોળ શ્રી ગણેશ મંદિરની ૧૫મી ધ્વજામાં આવેલ અનુદાન**

૧૦૦૦/- શ્રીમતી નિર્મળા લક્ષ્મીચંદ ભવાનજી દેઢીયા (ભુજપુર), ૧૦૦૦/- શ્રી અભીર નિરવ મનસુખ દેઢીયા (ભુજપુર), ૧૦૦૦/- શ્રીમતી રૂક્ષ્મણી સુંદરજી ગાલા (ભુજપુર), ૧૦૦૦/- શ્રી પરેશ વિશનજી ભેદા (લાખાપુર), ૧૦૦૦/- શ્રી ગણપત મોણશી દેઢીયા (ભુજપુર), ૧૦૦૦/- શ્રીમતી કસ્તુર ગણપત દેઢીયા (ભુજપુર), ૧૦૦૦/- માતુશ્રી કેસરબેન પ્રેમજી નરશી (ભુજપુર), ૧૦૦૦/- શ્રી કેશવજી પદમશી ગોગરી (ભુજપુર), ૧૦૦૦/- શ્ર અજીત કેશવજી દેઢીયા (ભુજપુર), ૧૦૦૦/- શ્રીમતી હેમલતા હરખચંદ દેઢીયા (ભુજપુર). લિ. ટ્રસ્ટી.

4/1/1(21) -------- (A-16121)(3-8)

**શ્રી ભુજપુર પાંગળાપોળ શ્રી ગણેશ મંદિરની ૧૫મી ધ્વજામાં આવેલ અનુદાન**

૧૧૧૧/- શ્રી ભોજરાજ મેઘરાજ મંદરિયા (પાંચોટીયા), ૧૧૧૧/- શ્રી બળવંતસિંહ લઘુજી વાઘેલા (ભુજપુર), ૧૧૧૧/- શ્રી દિપક રવીલાલ કરમશી દેઢીયા (પટેલ ચોક-ભુજપુર), ૧૧૦૦/- માતુશ્રી સુશીલાબેન કુંવરજી (ભુજપુર), ૧૧૦૦/- શ્રી ખેરાજ કરસન રાગ (નાની ભુજપુર), ૧૧૦૦/- શ્રી હર્ષીત કેયુરી કેવીન રાજેન્દ્ર છેડા (પ્રતાપર-બોરીવલી), ૧૧૦૦/- શ્રી રામ ભરોસે (ભુજપુર), ૧૧૦૦/- શ્રીમતી પુષ્પાબેન જયંતીલાલ દેઢીયા (ભુજપુર), ૧૧૦૦/- શ્રી જગદીશ જગશી સાવલા (રામાણીયા), ૧૧૦૦/- કુમારી રીયા નવિન દેઢીયા (ભુજપુર), ૧૧૦૦/- શ્રી તલકશી શીવજી ગડા (ભુજપુર), ૧૧૦૦/- શ્રીમતી નલીની ખુશાલ ગાંગજી મારૂ (ત્રગડી), ૧૧૦૦/- શ્રી નાગાજણ હરજી (ભુજપુર), ૧૧૦૦/- શ્રીમતી જીંકલ ધનજી મોણશી દેઢીયા (ભુજપુર) લિ. ટ્રસ્ટી.

4/1/1(20) -------- (A-16122)(3-9)

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર લુણી પાંજરાપોળ ૨૩૮૧૩૭૩૩, ૮૩૬૯૩૪૯૯૬૧**

૧૧૦૦૦/- શ્રી તારદેવ ક.વિ.ઓ. જૈન સંઘ તારદેવ, ૧૧૦૦૦/- માતુશ્રી લક્ષ્મીબેન રામજી કેનીયા ચેરીટેબલ ટ્રસ્ટ કપાયા સાયન, ૩૧૦૦/- મનોજ ટેક્ષટાઈલ્સ હીંદમાતા, ૩૧૦૦/- અપરા ટેક્ષટાઈલ્સ હીંદમાતા, ૨૫૦૦/- સ્વ. રાકેશ ખુશાલચંદ ગડાના પુણ્યાર્થે હ. ખુશાલચંદ સોજપાર ગડા બાડા ચીંચપોકલી, ૨૦૦૦/- ભવ્યા હરેશ સાવલા નાની તુંબડી બોરીવલી, ૨૦૦૦/- નીલા હરેશ સાવલા નાની તુંબડી બોરીવલી, ૨૦૦૦/- દમયંતીબેન હેમરાજ પાસડ દેઢીયા ડોંબીવલી, ૨૦૦૦/- કાંતીલાલ મેઘજી છેડા ભોરારા શીવાજી પાર્ક, ૧૦૦૦/- વિનોદ મોરારજી દેઢીયાના સ્મરણાર્થે હ. ભક્તિ કવન દેઢીયા પત્રી મલાડ. લિ. ટ્રસ્ટીઓ.

4/1/1(31) -------- (A-16129)(3-10)

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર લુણી પાંજરાપોળ ૨૩૮૧૩૭૩૩, ૮૩૫૫૯૩૩૮૦૮**

૩૦૦૦૦/- શ્રી મુલુંડ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ ઝવેર રોડ મુલુંડ, ૧૧૦૦૦/- ગડા હેતલ નિકુંજ મુલુંડ, ૧૦૦૦૦/- શ્રી મુલુંડ શ્વે. મૂ.પૂ. જૈન સંઘ ઝવેર રોડ મુલુંડ, ૫૦૦૧/- ભદ્રા કિરણ મારૂ સાયન, ૫૦૦૦/- શ્રી જીનાજ્ઞા આરાધક SMTJ ટ્રસ્ટ મુલુંડ, ૫૦૦૦/- પારસ હીરાલાલ વીરા વડાલા, ૩૨૩૦/- મા. હીનાબેન વિનયભાઈ શાહ આંબીવાળા મુલુંડ, ૨૫૦૦/- નવિનચંદ્ર લખમશી પાસડ શેરડી મુલુંડ, ૧૧૧૧/- નવરાત્રી ઉત્સવ મંડળ આગ્રીપાડા, ૧૧૦૦/- પુષ્પા મોહનલાલ ગાંગજી ખીમસીયા મોટી ઉનડોઠ મુલુંડ, ૧૦૦૧/- માતુશ્રી દેમુબાઈ દામજી છેડાના આત્મ કલ્યાણ અર્થે કારાઘોઘા, ૧૦૦૦/- લક્ષ્મીબાઈ તલકશી દેઢીયા, ૧૦૦૦/- તલકશી હંસરાજ દેઢીયા - દેઢીયા-ડોંબીવલી. લિ. ટ્રસ્ટીઓ.

4/1/1(30) -------- (A-16130)(3-11)

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એન્કરવાલા અહિંસાધામ ૯૭૨૬૪૭૫૫૫૫**

દાનપેટીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન.

- ૭૫૭૧/- ઝવેર કિશોર દેઢીયા, વિશાલ કે. દેઢીયા, પ્રુંશ અંકિત દેઢીયા, જીયા વી. દેઢીયા- કાંદીવલી-મેરાઉ.
- ૬૦૦૦/- દિલ ડ્રાયફ્રુટસ એન્ડ ફરસાણ, માતા-પિતા, જય અંબે મા, કાંદીવલી-ગોધરા, ૩૨૦૦/- સિધ્ધી ડ્રાયફ્રુટસ હ. હેત કાર્તીક ગાલા અને માહી સમીર ગાલા કાંદીવલી-ફરાદી, ૨૫૦૦/- લીલેશ બ્રધર્સ હ. ચુનીલાલ લખમશી ગાલા દહીસર-સાડાઉ, ૨૩૫૦/- જૈના શાહ બોરીવલી-વેરાવળ, ૨૦૦૦/- વૈભવ એસ્ટેટ એજન્ટ કાંદીવલી, ૧૬૫૧/- સ્ટુડીયો આર્ટ કાંદીવલી છસરા, ૧૧૦૦/- બોમ્બે એન્ટરપ્રાઈઝ હ. રતનબેન રામજી શેઠીયા મુંબઈ-કારાઘોઘા. લિ. રાજેશ મનસુખલાલ દામાણી-અમરેલી, નરેન્દ્ર નાનજી દેઢીયા-દેશલપુર (કંઠી).
- જા.ખ.સૌ. ભાનુ પ્રોપર્ટીઝ : શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા : બોરીવલી-ગેલડા.

4/1/1(21-P) -------- (A-16072)(3-12)

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એન્કરવાલા અહિંસાધામ ૯૭૨૬૪૮૫૫૫૫**

- ૧૦૮૦૦૦/- માતુશ્રી ઝવેરબેન દામજી વિશનજી શાહ/સતરા હ. દામજી વિશનજી શાહ પરીવાર વડાલા-ગુંદાલા. (એક મહીનાના મેડીકલ ખર્ચનાં દાતા)
- ૮૧૦૦૦/- વિવેક વસંતલાલ ગાલા સાયન-મોટી ખાખર.
- ૨૭૦૦૦/- દેવાંગ જેઠાલાલ સાવલા, હાર્દિક જેઠાલાલ સાવલા-વસઈ.
- ૫૦૦૦/- રામજી કુંવરજી શેઠીયા-મુલુંડ
- ૫૦૦૦/- શાર્પ કેમીકલ્સ-અંધેરી.
- ૧૫૦૦૦/- નીખીલ રમેશ શ્રોફ, દર્શના નીખીલ શ્રોફ બોરીવલી-વલસાડ, ૪૨૦૦/- પ્રશાંત કાંતીલાલ ગાલા, હર્ષા પ્રશાંત ગાલા મલાડ-કપાયા, ૨૦૦૦/- ભાવેશ કિશોર છેડા દાદર-ડોણ, ૧૧૧૧/- કીંજલ કરણ શાહ મઝગાંવ-બેરાજા. લિ. અમૃત લખમશી છેડા- કુંદરોડી, શાંતીલાલ ઉમરશી ગંગર-સમાઘોઘા.
- જા.ખ.સૌ. ભાનુ પ્રોપર્ટીઝ : શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા : બોરીવલી-ગેલડા.

4/1/1(20-{) -------- (A-16073)(3-13)

**ઘૂંટણ દર્દ, સાયટીકા, ફ્રોઝન શોલ્ડર, વા, સંધિવા, ૧૫ દિવસ ના માત્ર ૫૭૫ રૂપિયા**

ઘૂંટણ દર્દ, ખભા દર્દ, ફ્રોઝન શોલ્ડર, સાયટીકા, જકડન, યુરિક એસિડ, પાની દુઃખવી, સ્પોન્ડીલાઈસીસ, આવા અનેક પ્રકારના રોગોના દર્દો નું જડમૂળ થી ઈલાજ કરવું હોય તો આજે જ અપનાવો ''પ્રભાવના બોડી પેન સેટ'' સાધર્મિક ભાઈ બહેનો વડીલો માટે રાહત દરે વિતરણ ચાલુ છે, લાભ લેશોજી. સંપર્ક પંકજભાઈ દેઢીયા ડોમ્બિવલી ઈસ્ટ પ્રભાત ફૂડસ 9702168192 મુલુંડ વેસ્ટ નાગરિક સ્ટોર્સ 9322899766 ઘાટકોપર ઈસ્ટ ફૂડસ્પોટ 9820042883 હિંદમાતા દાદર ને સાંતાક્રૂઝ પ્રિયંક કુમાર સારીઝ 9820785289 નાલાસોપારા કેવીઓ. ગૃહ ઉદ્યોગ 9820852668 બોરીવલી વેસ્ટ જનતા સ્ટોર્સ 269042000.

4/1/1(3) -------- (B-16006)(3-14)

**દાદરમાં ઈન્ડસ્ટ્રીયલ ગાળા દુકાન ફ્લેટ ભાડેથી/ વેચાતા લેવા / વેચવા**

કેતન ગાલા : 9892077714 / 9167759077 / 7045505510.

- રેડીમેડ ગારમેંટ હોલસેલ / મેન્યુફેક્ચરીંગ યુનિટ અને ઈન્ડસ્ટ્રીયલ ગાળા માટે જગ્યા મળશે.
- ડોક્ટર, સી.એ. વકીલ કોર્પોરેટ માટે ઓફિસ મળશે.

2/1/1(2) -------- (B-16067)(3-15)

**! ગાલા ફૂડસ (નાલાસોપારા) તરફથી !**
**!! પૈસા કમાવાની ઉત્તમ તક !!**

આપ હોલસેલર, ડિસ્ટ્રીબ્યુટર કે સપ્લાયર હો તો, ખાખરા-ફરસાણ-ચીક્કી-ગજક માટે પ્રસિધ્ધ ગાલા ફૂડસના આ પ્રોડકટસ ડાયરેક્ટ ફેક્ટરીમાંથી પ્રોફીટેબલ ભાવે ઉઠાવો, વેંચો અને પૈસા કમાવો! સંપર્ક : પિયુષ ગાલા : 8793508983.

2/1/1(6) -------- (B-15944)(3-16)

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨
www.kvoss.org

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

સપ્ટેમ્બર ૨૦૨૪ માસમાં શ્રી જય જિનેન્દ્ર ભક્તિ મંડળ, દેવી દયાલ ગાર્ડન ગ્રુપની સ્થાપના નિમિત્તે મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(12) --------- (A-16106)(4-1)

**લોનાવાલા**

રોજિંદા ભાડાથી ૩-બેડરૂમ, હોલ, કિચનનો લક્ઝુરીયસ બંગલો, સ્વીમીંગ પુલ, એ.સી., ફ્રીજ, ટીવી, ગેસ, વાસણો, કેરટેકર સાથે જુઓ વેબસાઈટ Lonavalastay.yolasite.com (MTDC Approved) સંપર્ક : રાજેશ શાહ-૯૮૨૦૩૩૪૩૪૫, ૯૭૦૨૬૬૮૮૦૦.

2/1/1(36) --------- (B-16136)(4-2)

**કચ્છમાં મકાન લેનાર સાવધાન**

તમે પોતે મકાનમાં રહેવાનાં હો તો જ મકાન લેજો. ભાડાની આવક માટે મકાન નહીં લેતા કારણ કે સામેવાળો મકાન ખાલી નહીં કરે તો તમારું મકાન ગયું સમજી લેજો. વધુ માહીતી માટે : રાજેશ ગણપત દેઢીયા (ભુજપુર-મુલુંડ-ઈ.) 9892039953.

4/1/1(37) --------- (B-16146)(4-3)

**વીરા ટુર્સ**

દુબઈ ૮૦,૦૦૦, કાશ્મીર ૨૨૦૦૦, હિમાચલ ૨૫,૦૦૦ શિમલા-કુલુ-મનાલી ૧૮૦૦૦, વેજ એન્ડ જૈન ફૂડ. ગૌતમ વીરા 9920063964, 9372616805

4/1/1(38) --------- (B-16145)(4-4)

**પ્રગતિ ગ્રુપ (ભાયખલા)**

**શિયાળુ પાક ખાઓ - તંદુરસ્ત રહો**

અમારું ગ્રુપ ૩૨ (બત્રીસ વર્ષથી) શિયાળુ પાક બનાવે છે જેમાં ૨૭ (સત્યાવીસ) જાતનાં મેવા, મસાલા, વસાણા, જડીબુટી આખા લઈ જાતીય દેખરેખ નીચે કુટાવી વાપરીએ છીએ. જેમાં સાલમ પંજો, સફેદ મુસલી, અક્કલખરો જેવા મોંઘા આયુર્વેદિક મસાલા નાખીએ છીએ. સારી કંપનીનું પ્યોર શુધ્ધ ઘી વાપરીએ છીએ અને જાતીય દેખરેખ નીચે સમાજને શુધ્ધ-તાજુ વ્યાજબી રીતે મળે એ હેતુથી નીચેની આઈટમ બનાવવાનું આયોજન કરેલ છે. (૧) સ્પે. અડદીયા પાક ૫૦૦ ગ્રામ રૂા. ૩૮૦ (૨) સ્પે. ગુંદર પાક ૫૦૦ ગ્રામ રૂા. ૩૭૦ (૩) સ્પે. બ્રેન ટોનીક કેસર એલચી યુક્ત બદામ પાક ૫૦૦ ગ્રામ રૂા. ૫૪૦ (૪) સ્પે. ડ્રાયફ્રુટથી ભરપુર સુગર ફ્રી ખજુર પાક ૫૦૦ ગ્રામ રૂા. ૫૪૦ (૫) સ્પે. સુગર ફ્રી ડ્રાયફ્રુટ પાક (પ્રોટીનબાર) ૫૦૦ ગ્રામ રૂા. ૬૪૦ (૬) નવરત્ન ચવાણુ ૪૦૦ ગ્રામ રૂા. ૯૦ (૭) કચ્છી મીની પકવાન ૨૦૦ ગ્રામ સાદા રૂા. ૧૦૦-મસાલા રૂા. ૧૧૦ (૮) લીફાફા ૧૫૦ ગ્રામ રૂા. ૮૦ (ટોમેટો, ફુદીના, ચીઝ ચીલી) (૯) ચોરાફળી ૨૦૦ ગ્રામ રૂા. ૧૨૦ જરૂરત પ્રમાણે નીચેના ફોન નંબર પર લખાવવા વિનંતી. (૧) અશ્વિન આણંદજી વોરા (બિદડા) મો. 9821839096 (૨) તલકશી ગોગરી (કોડાય) મો. 9687348289. ઓર્ડર તા. ૨૭-૧૧, ૨૮-૧૧, ૨૯-૧૧-૨૪, શુક્રવાર સુધી લેવામાં આવશે. ડીલીવરી તા. ૪-૧૨-૨૪, બુધવાર સવારનાં ૧૦ થી ૩.૦૦ વાગ્યા સુધી નીચેના ઠેકાણે શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિરની અંદર પાછળની બાજુ, શંકર મઠની સામે, નલ્લીસ સાડીની બાજુમાં, ફુલગલી, તેલંગ રોડ, માટુંગા (સે.રે.) સ્ટેશનની બાજુમાં, મું. ૧૯. ડીલીવરી વહેલા આવી લઈ જવા વિનંતી. થેલી સાથે લાવવી. પુછપરછ : મો. 9867914610. એ જ લિ. આપનાં સાથ સહકારની અપેક્ષા સાથે. પ્રગતિ ગ્રુપ (ભાયખલા) આયોજકોનાં જય જિનેન્દ્ર.

4/1/1(18) --------- (B-16116)(4-5)

## શ્રી ભુજપુર ક. વિ. ઓ. સર્વોદય ટ્રસ્ટને રૌપ્ય મહોત્સવના વધામણાં

કુદરતી વિષમતાઓ...અને...ઓરમાયા રાજકરણે વિકાસથી વંચિત, કચ્છના નકશામાં ભુજપુર...૨૦મી સદીમાં...ઉદારદીલ સૌજન્યશ્રીઓની દીર્ઘદ્રષ્ટિએ લોકાભિમુખ સ્થાપત્યના નિર્માણકાર્ય સાથે ૫૨×૪૨માં ઉદાહરણીય અને ઐતિહાસિક પુરવાર થયું...તો...સમાજલક્ષી વિકાસ શૃંખલાના ગુલદસ્તાનું સૌંદર્ય વધારતા...**દાતારી દુનિયાના...પરોપકારી પ્રવાસી શ્રી ભુજપુર ક. વિ. ઓ. સર્વોદય ટ્રસ્ટના કર્મઠ ટ્રસ્ટીશ્રીઓની રાહબરીએ,** ભુજપુર માટે કલ્યાણ મિત્રોના સ્વપ્નને મૂર્તિમંત સાકાર બનાવી...અસ્તિત્વમય બનેલ અકલ્પનીય વિરાસતસમું સ્થાપત્ય...ન ભૂતો...ન ભવિષ્યતિ સાબિત થઈ, કચ્છી સમાજમાં ભુજપુરને ગૌરવાન્વિત બનાવી તેની આન...બાન અને શાન વધારતા, વર્તમાને નૂતનીકરણ થઈ આધુનિક સગવડતાએ વિશેષ સુશોભિત બની ૨૪×૭ સમાજની સેવા પ્રદાન કરવા સજ્જ અને તત્પર...

**વિવિધલક્ષી સંકુલ**



શતકની ક્ષિતિજે...યશસ્વી વિજયપતાકા લહેરાવવા સદૈવ સક્ષમ...સમૃદ્ધ અને સફળ બની રહો...

એજ

લોકહિતાર્થી કાર્યોના પ્રોત્સાહક સંસ્થાઓની...

અંતરભીની શુભેચ્છા સહ...

**શ્રી ભુજપુર જૈન મહાજન**

**શ્રી ભુજપુર સેવા સમાજ ● શ્રી ભુજપુર પાંગળાપોળ**

**શ્રી મામલ માતાજી ભાવિક સંઘ - પટેલ ચોક, ભુજપુર**

**શ્રી ભુજપુર વર્ધમાન તપ આયંબિલ ખાતું**

**શ્રી ક. વિ. ઓ. સમાજ ( પ્રમુખશ્રી - ડૉ. ચંદ્રકાંત લાલન )**

(CLB-16144)

**'વાડી ખાલી છે'**

તા. ૨૬/૧૨/૨૪ - ગુરૂવારના આખા દિવસ/અડધા દિવસ માટે મળશે. કેપીસીટી (૮૦૦ થી ૧૦૦૦ જણ) ઠે. આર.આર. બેન્કવેટ હોલ, મહાડા કોલોની, મુલુંડ (ઈસ્ટ). કોન્ટેક - પ્રતીક ગાલા : ૭૫૦૬૨૫૩૧૮૧, ૯૮૨૦૩૫૩૧૮૧.

2/1/1(1) --------- (B-16088)(4-6)

**હીમાંચલ કુલુ-મનાલી : ૨ સીટ**

ચન્દ્રપ્રભ મંડળ સાથે ૭-૧૨ થી ૨૧-૧૨-૨૪. ૧૫ દિવસ સ્વતંત્ર રસોડુ, પ્રત્યેક ૩૦૫૦૦. ફક્ત ૨ સીટ બાકી. ૯૦૨૯૨૭૩૯૭૦ વાસંતી ૯૯૨૦૩૫૨૩૭૯. લિ. ચન્દ્રપ્રભ મંડળ પ્રમુખ કિરણ વેરશી ગડા. તા.ક. : જેમની રકમ બાકી છે તે સમયસર ભરી દે.

4/1/1(27) --------- (B-16135)(4-7)

**નેપાલ - નેપાલ : ૩ સીટ**

ચન્દ્રપ્રભ મંડળ સાથે નેપાળનો પ્રવાસ સ્વતંત્ર જૈન રસોડું. ૧૫-૨ થી ૨૭-૨-૨૫. ૧૩ દિવસ મુંબઈથી મુંબઈ ૩૪૫૦૦ પ્રત્યેકનાં જેમાં ૩ સીટ બાકી. ૯૦૨૯૨૭૩૯૭૦ વાસંતી ૯૯૨૦૩૫૨૩૭૯ તેમજ ખાસ નોંધ : કેરલામાં જેમની રકમ બાકી છે તેમણે સમયસર રકમ ભરી દેવી. લિ. ચન્દ્રપ્રભ મંડળ પ્રમુખ કિરણ વેરશી ગડા.

4/1/1(28) --------- (B-16134)(4-8)

**માત્ર સારું જ ખરીદો**

દૂધ લઈને દહિ બનાવી, વલોણું કરીને બનાવેલું શુધ્ધ દેશી ગાયનું ઘી, કાચીધાણીનું ૧૦૦% શુધ્ધ શીંગતેલ, ખડીરનો દેશી બાજરો, હર્બલ શેમ્પો-સાબુ, વાયોર ગામનો ગુંદ, તાડગોલાની ખડી સાકર, અસલ બીજોરા અથાણું. કયારે પણ જોઈ ન હોય તેવી હળદર, કાશ્મીરી મરચું, દેશી મગ, મગદાળ, દેરાસર હર્બલ ધુપબતી. ફ્રી હોમ ડીલેવરી. સંપર્ક : રાજેશભાઈ લાલન (કોડાય) - ૮૯૮૦૨૩૦૩૧૦.

4/1/1(13) --------- (B-16105)(4-9)

**પ્રીતી ડીશવોશ લીકવીડ**

**એક એવું ડીશવોશ લીકવીડ જે આપની ત્વચાને અનુરુપ સુરક્ષિત PH ધરાવે છે. એવી તાકાત જે ગમે તેવી ચીકાસને દૂર કરવા સક્ષમ છે. ઉપરાંત કોઈ પણ સમયકાળમાં એકદમ વ્યાજબી ભાવે જયા ગૃહિણી બચત સાથે ઉચ્ચતમ ક્વોલિટીનો અનુભવ કરે છે. ઓછામાં ઓછું ચાર ગણું પાણી ઉમેરી શકાય. વાસણોની ચમક માટે ક્વોલિટીમાં સતત સુધારા. ૧ લીટર અને ૫ લીટરમાં ઉપલબ્ધ. કેટરિંગ, મીઠાઈ, નમકીન રેસ્ટોરન્ટ, હોટલ ઉદ્યોગ માટે ૫૦ લીટર પેકિંગ ઉપલબ્ધ. ફ્રી હોમ ડિલિવરી : (022) 23054000, 23088293, 23087521. વોટ્સએપ : 9321135328 વેબસાઈટ www. preetiproducts.com**

2/1/1(1) --------- (B-15962)(4-10)

**મેનેજર**

બ્રાન્ડેડ લેડીઝ રીટેલવેરનાં શો રૂમમાં મેનેજમેન્ટ કરી શકે એવા ૬૦ વર્ષથી ઉપરનાં અનુભવી વ્યક્તિ જોઈએ છે. સંપર્ક : ભરતભાઈ-8454829808.

4/1/1(10) --------- (B-16110)(4-11)

**'વોશીંગ મશીન બગડ્યું ? બોલાવો જયંતી સાવલા તુંબડીવાલાને મો. ૯૮૨૧૨૭૧૫૬૭**

દરેક કંપનીના (ટોપ લોડીંગ) સેમી અને ફુલ્લી ઓટોમેટીક વોશીંગ મશીન રીપેર કરી આપશું. નોંધી લેશો નામ-મો.નં. સંપર્ક : મનીષ જયંતી સાવલા (તુંબડીવાલા) મો. ૯૮૩૩૮૮૧૫૬૭, ૯૮૨૧૨૭૧૫૬૭, ૯૮૧૯૬૪૮૪૭૭. વિઝીટ ચાર્જ ૩૦૦/-.

4/1/1(14) --------- (B-16115)(4-12)

## શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતામ્બર જૈન સંઘ

દુર્ગાપુર રત્ન, રાજસ્થાન દક્ષિણ દિપક, સાહિત્યદિવાકર અચલગચ્છાધિપતિ

**પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને**

### ૫૫મી દીક્ષા તિથિએ વંદના હજાર....



પ્રેમનો પુષ્કરાવર્ત મેઘ એટલે સદગુરૂ...
પરમના પીયુષની પ્યાલી એટલે સદગુરૂ...
સમતાનું સર્વાંગીણ સ્નાન એટલે સદગુરૂ...

૫૫ વર્ષ પૂર્વે કચ્છ ભુજપુર નગરે કચ્છી હૃદયસમ્રાટ રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાએ ત્રણ બાલ મુમુક્ષુઓને દીક્ષા પ્રદાન કરેલ તે 'કલા-કવી-વીર' ત્રિપુટી...

વર્તમાન અચલગચ્છના ઝળહળતા સિતારા...
શ્રી માટુંગા ક.શ્વે.મુ. મહાજનની વંદના... હજારા...

નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘના આંગણે કારતક સુદ-૧૩ ગુરૂવાર, તા. ૨૮/૧૧/૨૦૨૪ના ૫૫મી દીક્ષા તિથિ ઉજવણી પ્રસંગે સર્વેને બહોળી સંખ્યામાં હાજર રહેવા વિનંતી.

(*1186) લિ. માનદ્ મંત્રીઓ

K.V.O. - P - 8104209392

## શ્રી પત્રી મુંબઈ મહાજન
## શ્રી પત્રી વિશા ઓશવાળ જૈન મહાજન

૮, દયાલ ભુવન, ૧૦૪, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ-૦૯. ટે. ૦૨૨-૪૯૭૧૫૦૫૬



પત્રીના માતુશ્રી લક્ષ્મીબેન રતનશી દેરાજ ધરોડની પૌત્રી
અને
પત્રીના માતુશ્રી મંજુલાબેન ઉમરશી હંસરાજ છેડાની દોહિત્રી
અ.સો. મનિષાબેન અને શ્રી તુષારભાઈના હૃદયની ધડકન

**ચિ. આરતી** ના લગ્ન **ચિ. હિમાંશુ**

(અ.સૌ. મધુબેન અને નરેશભાઈ સત્યનારાયણજી દાલમિયા) સાથે તા.૨૨/૧૧/૨૦૨૪ના નજીકના કુટુંબીજનોની હાજરીમાં સંપન્ન થઈ, તેની ખુશીમાં કન્યાના માતા-પિતા શ્રીમતી મનિષાબેન અને શ્રી તુષારભાઈએ વગર માંગ્યે, ઉદાર દિલથી પત્રીની દરેક સંસ્થાઓને પ્રાસંગીક ભેટ રૂપે નીચે મુજબનુ અનુદાન આપ્યું છે.

**રૂા.૨૫,૦૦૦/-**

- શ્રી પત્રી મુંબઈ મહાજન
- શ્રી મંગલદીપ ફાઉન્ડેશન

**રૂા.૧૧,૦૦૦/-**

- શ્રી પત્રી સર્વોદય સમાજ
- શ્રી પત્રી જૈન ભોજનશાળા
- શ્રી પત્રી વર્ધમાન તપ આયંબિલ ખાતું
- શ્રી પત્રી ચંદ્રપ્રભ જૈન દેરાસર ટ્રસ્ટ
- શ્રી પત્રી સચ્ચામાતાજી ભાવિક મંડળ
- શ્રી પત્રી આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ
- શ્રી પત્રી આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ

(*1183)

ઉપરોક્ત અનુદાન બદ્લ શ્રી પત્રી મુંબઈ મહાજન ઉપરોક્ત સર્વે સંસ્થાઓ વતી દાતા પરિવારની ભુરી ભુરી અનુમોદનાં કરી આભાર માને છે, તથા નવ દંપત્તિને દીર્ઘ, તંદુરસ્ત અને મધુરમય લગ્નજીવનની શુભકામનાઓ સાથે અનેક શુભાશીષ આપે છે.

લી. શ્રી પત્રી મુંબઈ મહાજનના ટ્રસ્ટીઓ અને કારોબારીના જય જીનેન્દ્ર

જાહેરાત સૌજન્યઃ V-TRANS V-Trans (India) Ltd.

SONI GRAPHICS 9653103959

## સંયમ જીવનનું સુવર્ણ પૃષ્ઠ

ગુરૂમૈયા
પ.પૂ.સાધ્વી
**શ્રી હંસાવલીશ્રીજી** મ.સા.ને
**'પ્રવર્તિની પદે'** બિરાજીત થવા બદલ
નત્ મસ્તકે વંદના.



### પ.પૂ સુસાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા.

અમારા જીવનના પરમ ઉપકારી આપશ્રી સંયમ જીવનમાં નવી ઊંચાઈઓને સ્પર્શી 'પ્રવર્તિની પદવી' થી સુશોભિત થયા છો. અમો આ અવસરે હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ. ખૂબ ખૂબ અભિનંદન અને વંદન. આપને નિરામય દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાઓ એવી હાર્દિક મંગલ કામના.

(CLB-16142)

લી.

માતુશ્રી ગુણવંતીબેન ગોવિંદજી ધનજી પાસડ સમસ્ત પરિવાર (કોટડા રોહા)
માતુશ્રી પ્રેમાબેન રતનશી દેશુભાઈ વિસરીયા પ્રેમરત્ન પરિવાર-(દેવપુર)

RUJUTA / 98213 30432

## શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતામ્બર જૈન સંઘ

જિનશાસનના ગૌરવને વંદના... અનુમોદના... શુભેચ્છા...

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના
આજ્ઞાવર્તીની દીર્ઘસંયમી, સૌમ્યસ્વભાવી,
એવા પ.પૂ. સાધ્વી

**શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ને**

**પ્રવર્તિની**



પદથી અલંકૃત કરવામાં
આવ્યા
શ્રી માટુંગા ક.મુ.શ્વે.જૈન સંઘ
આનંદ તથા
અનુમોદના વ્યક્ત કરે છે.

(*1185)

લિ. માનદ્ મંત્રીઓ
વિસનજી હંસરાજ દેઢીયા (ગઢશીશા) • કુલીનકાંત વિસનજી શાહ (ડુમરા)

K.V.O. - P - 8104209392

# ગુજરાતના મુખ્યમંત્રી માનનીય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના સ્નેહ મિલનમાં હાજર રહી કચ્છની માંગણીઓ માટે આશ્વાસન આપ્યુ.

વતનપ્રેમી જ્ઞાતિ સ્વજનો,

